
ગાંધીનગર સમાચાર

ગાંધીનગર **તાપમાન**

મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૧૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૫૫ ટકા

# શિયાળામાં તુવેર ટોઠાનું શાક બન્યું હોટ ફેવરિટ

## તુવેર, લસણ, આદુ સહિત મસાલાથી ભરપૂર આ વાનગીની ઠંડી શરૂ થતાં જ પાર્ટીઓ શરૂ





ગાંધીનગર, તા.૮

હાલ શિયાળા પોતાનો અસલ મિજાજ દેખાડી રહ્યો છે ત્યારે શિયાળામાં શક્તિ મેળવવા લોકો જુદા-જુદા આરોગ્યપ્રદ ખોરાક આરોગતા હોય છે ત્યારે શિયાળામાં ઠંડીથી રક્ષણ મેળવવા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તુવેર ટોઠા લોકોની મનપસંદ આઈટમ બની રહી છે અને આ વાનગી ખાવા લોકો પોતાના મિત્રો, પરિવાર સાથે ઘરે તેમજ વાડીએ તુવેર ટોઠા અને રોટલાની મિજબાની મનાવે છે. આવે છે. આ ઉપરાંત શહેરની હોટલ અને રેસ્ટોરન્ટોમાં લોકોની ભીડ જોવા મળે છે. સાથે જ લગ્નની મોસમ ચાલી રહી છે ત્યારે શહેરમાં ઠેર ઠેર લગ્ન પ્રસંગે તુવેરના ટોઠા ના શાકની મિજબાની માણવામાં આવી રહી છે.

હાલ શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાં લોકો ઠંડીથી રક્ષણ મેળવવા તેમજ શરીરને ચુસ્ત રાખવા માટે લોકો યોગા, મોર્નીંગ વોક, કસરત વગેરેનો સહારો લેતા હોય છે. તો વળી શરીરને ઊર્જા મળી રહે તે માટે બદામપાક, ગુંદરપાક, કચરીયા પાક, મેથીના લાડુ, હળદર અને રગડ જેવી વાનગી આરોગતા હોય છે. જયારે શહેર અને ગામડાઓમાં ઠેર-ઠેર વરાળિયું, ચાપડી ઊંધિયું વગેરે જેવા ખોરાકની મિજબાની માણતા હોય છે. પરંતુ ગાંધીનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં તુવેર ટોઠા લોકોની પહેલી પસંદ બની રહી છે.

તુવેર, લસણ, આદુ સહિત મસાલાથી ભરપૂર આ વાનગીની ઠંડી શરૂ થતાં જ પાર્ટીઓ શરૂ થઈ જતી હોય છે. હાલમાં શહેર અને ગામડાઓમાં તેમજ હોટલોમાં તુવેર ટોઠા ઉપર લોકો પોતાની પસંદગી વધુ ઢોળી રહ્યા છે

કહેવાય છે કે આ વાનગીની શરૂઆત ખેડૂતો કડકડતી ઠંડીમાં ખેતરમાં પિયત કરવા જતા, ત્યારે ઠંડીથી રક્ષણ મેળવવા તુવેર ટોઠાની મિજબાની માણતા. આજના દિવસે આ વાનગી ગાંધીનગર પંથકમાં શિયાળાની ઋતુમાં હોટ ફેવરિટ બની ગઈ છે. શિયાળામાં ઓળો, ચાપડી-ઊંધિયા ઉપરાંત લોકો તુવેર ટોઠાને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે. હાલ તુવેર ટોઠામાં સમય જતાં તેની સાથે બ્રેડ, જલેબી અને ઝીણી સેવ પણ વાપરવામાં આવતી હોવાથી લોકોને લિજ્જત પડે છે.

હાલ શહેર અને ગામડાઓમાં વાડીઓમાં અને ફાર્મ હોઉસમાં લોકો ઠેર-ઠેર તુવેર ટોઠાની મિજબાની માણતા નજરે પડે છે. શનિ-રવિવારના રજાના દિવસોમાં લોકો તુવેર ટોઠાની પાર્ટીઓ થઈ રહી છે.

ભારત વિશ્વમાં કઠોળનો સૌથી મોટો ઉત્પાદક અને સૌથી મોટો ગ્રાહક પણ છે. કઠોળમાં એના વજનના વીસથી પચીસ ટકા પ્રોટીન હોય છે જે ઘઉં કરતાં લગભગ બમણું અને ચોખા કરતાં ત્રણગણું છે. તુવેર ટોઠા એક પ્રકારનું કઠોળ છે મગ અને ચણાની જેમ. લીલી સુકાયેલી તુવેરનું કઠોળ એટલે તુવેર ટોઠા. આ એક એવી પરંપરાગત વાનગી છે જે ઘણા લોકો ઘરમાં પણ બનાવતા હોય છે અને ઘણા લોકો એવા પણ છે જેણે ટોઠાનું નામ પણ કદાચ નહીં સાંભળ્યું હોય. પહેલાંના જમાનામાં લોકો જ્યારે ખેતી કરવા જતા ત્યારે તેઓ તુવેર ટોઠાનું વાળુ કરી ઘરે પરત ફરતા. આ જ પરંપરા વર્ષોથી ચાલી આવી છે અને હવે ગાંધીનગર સહિત ગુજરાતનાં અલગ-અલગ રાજ્યોમાં શિયાળુ સ્પેશ્યલ તુવેર ટોઠાની મિની પાર્ટી થવા લાગી છે.

ઘરે પણ તુવેર ટોઠા બનાવી એની જયાફત માણી શકાય છે. સૂકી તુવેરમાં સહેજ અલગ રીતે મસાલો કરીને બનાવવામાં આવતી આ વાનગી શિયાળુ ડિશ તરીકે લોકોને ખૂબ જ પસંદ આવે છે.


શિયાળામાં કેમ ખવાય છે?

તુવેર ટોઠા બારે માસ ખવાતા હોય છે પણ શિયાળામાં એની લોકપ્રિયતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. એનું મુખ્ય કારણ એ છે કે તુવેર ટોઠામાં લીલું લસણ, લીલી ડુંગળી અને વધારે તેજાનાવાળા મસાલા વાપરી આ વાનગી બનાવવામાં આવે છે જે શિયાળામાં શરીરમાં ગરમી ઉપજાવવામાં મદદ કરે છે. કડકડતી ઠંડીમાં પણ પરસેવો છૂટી જતો હોવાથી એક સરળ, મસાલેદાર અને સ્વાદિષ્ટ શિયાળુ રેસિપી ગણાય છે.

# જન્મદિને વધામણી




અનિરૂદ્ધભાઈ જી. બ્રહ્મભટ્ટ
મો. ૯૯૨૪૬ ૬૫૨૯૦



પ્રણવરાજસિંહ પી. ઝાલા
મો. ૯૭૧૪૪ ૭૮૮૮૭




સર્યુબેન ભર્ગદેવ ભટ્ટ



પ્રકાશભાઈ કે પટેલ



જૈનિલ સુનિલકુમાર શ્રીમાળી
મો. ૯૪૦૯૨ ૯૫૨૯૫



દિવ્ય દર્શનકુમાર જાની
મો. ૯૯૦૪૮ ૫૪૩૦૮



સ્મિત સંજીવકુમાર શર્મા
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭

# એસ.કે.પટેલ કે.જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ડો અક્ટિવિટી



ગાંધીનગર, તા.૮

એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ડોની અક્ટિવિટી કરવામાં આવી હતી. જેમાં શિક્ષિકાઓએ બાળકોને ક્લાસમાં ડો વડે વિવિધ વસ્તુઓ શીખવી, અને બાળકોએ પણ આ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને અલગ અલગ વસ્તુઓ જેવી કે ઈયળ, ફૂલ, સૂર્ય, પતગિયું, ગણપતિની મૂર્તિ, દ્રાક્ષ પોતાના નામનો પહેલો અક્ષર, આઈસક્રિમ કોર્ન જેવી વસ્તુઓ ડોમાંથી બનાવી હતી.

# ગજાનન સેવા સમિતિ દ્વારા સેવા કાર્ય



ગાંધીનગર, તા.૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની જાંબુડી, જાભચિતરીયા તથા અણસોલમાં શાલ તથા ચોખાનું વિચરણ કરવામાં આવ્યું હતું. કુલ ૧૧૪ જેટલા લાભાર્થીઓને ત્રણ કીલો ચોખા તથા ૫૯ લાભાર્થીઓને શાલ અને મોજાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે નાસ્તાનું પણ વિતરણ કરાયું હતું. આ સેવા કાર્યમાં શ્રૃતિ ગુપ્તે, મિલીંન્દ ગુપ્તે, ભીમજીભાઈ, રાજુભાઈએ સાથે રહી સેવાકાર્ય કર્યું હતું.

# આર.એન.પ્રાયમરી શાળા ખાતે હેપ્પીનેસ અંગે કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત શ્રીમતી આર. એન .પટેલ પ્રાથમિક શાળા દ્વારા ધોરણ ૬ થી ૮ની વિદ્યાર્થીનીઓ માટે હેપ્પીનેસ અંગે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મહેમાન તરીકે ગાંધીનગર વિધાનસભાના મેડિકલ ઓફિસર ડોક્ટર અનિલભાઈ ચૌહાણ હાજર રહ્યા હતા. શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળાની તેમજ એમ બી પટેલ કન્યા શાળાની ધોરણ છ થી આઠ ની કુલ ૯૦૦ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી ડોક્ટર અનિલભાઈ ચૌહાણ વિદ્યાર્થીનીઓને અનહેપી રહેવાના કારણો જેવા કે ગુસ્સો આવવો ડિપ્રેશનમાં રહેવું કોઈ આપણને નાના ગણતા હોય ઈન્ટરનેટ વગર ન ચાલતું હોય વગેરે કારણો બતાવ્યા ત્યાર બાદ આ બધામાંથી બહાર કેવી રીતે નીકળવું તે સમજાવી કે હકારાત્મક વિચારવું આવતીકાલનું પ્લાનિંગ આજે જ કરી લેવું ઘરમાં બધાને સમજતા રહેવું પરિસ્થિતિ પ્રમાણે વર્તન કરવું સતત અને સખત મહેનત કરવી હસતા રહેવું કોઈને મદદરૂપ બનવું તેમ જ તેમણે વિદ્યાર્થીનીઓને કરેલા કેટલાક પ્રશ્નો જેવા કે ચિંતા કેવી રીતે દૂર કરવી મહેનત કરવા છતાં સફળતા કેમ મળતી નથી આપણા ઉપર કોઈ હશે ત્યારે આપણને દુઃખ કેમ થાય છે ખીલ કેમ થાય છે કામમાં મન ન લાગે તો શું કરવું જોઈએ ખુશ રહેવા શું કરવું જોઈએ આ બધા જ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. જેથી વિદ્યાર્થીનીઓને તેમના પ્રશ્નોનો નિરાકરણ થયું હતું મહેમાનને સંસ્થા દ્વારા આકર્ષક ભેટ આપીને નવાજવામાં આવ્યા હતા આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળાના W.D.Cના કો.ઓર્ડીનેટર અર્ચના બહેને કર્યું હતું.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે એથ્લેટિક સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૭

શ્રી જે.એમ.ચૌધરી પ્રાથમિક વિદ્યાલયની ઠાકોર કિંજલ બી.એ તાજેતરમાં નડીયાદ ખાતે યોજાયેલ એથ્લેટિક સ્પર્ધામાં ભાગ લઈને દોડમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. જયારે લાંબી કુદમાં દ્વિતિય નંબર મેળવીને સિલ્વર મેડલ અને પ્રમાણપત્ર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.



શાળાના આચાર્યાએ આ પ્રસંગે અભિનંદન પાઠવ્યા હતા.

## શિવરંજની દ્વારા ૧૦મીએ સુવર્ણ જયંતિ ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૮

શિવરંજની સંસ્થાના તમામ સભ્યો માટે ગાંધીનગરમાં સંગીતને લગતા વિશિષ્ટ કાર્યક્રમો કરવામાં આવે છે. ૧૯૭૨થી શરૂ થયેલી શિવરંજની સંસ્થા દ્વારા ઉત્તમ કાર્યક્રમો આપવાની પ્રણાલી અને શિવરંજનીના સુવર્ણ જયંતિ વર્ષને ધ્યાને લઈ વિશિષ્ટ ગુજરાતી ગીતોની કલ, આજ ઔર કલ નામે પ્રમાણે જ કલ ગૌરાંગભાઈ વ્યાસ અને વિભાબેન દેસાઈ, આજ-પ્રહર વોરા અને ગાર્ગી વોરા અને કલ હર્ષ પટેલ અને અંતરા પોટા ગુજરાતી સુગમ સંગીતની ત્રણ પેઢીને સાંકળીને મનને અલભ્ય આનંદ આપે તેવી ગુજરાતી રચનાઓ રજુ કરનાર છે. ત્યારે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા શિવરંજનીના સૌ સભ્યોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રસંગે ગૌરાંગભાઈ વ્યાસ અને વીભાબેન દેસાઈનું સન્માન પણ કરવામાં આવશે. અતિથિ વિશેષ તરીકે વિદુષી મંજુબેન મહેતા (સપ્તક) પણ હાજર રહેશે. જેમાં પધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે સે-3/સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૮

મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩/સીના મધુબેન કે.કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો પીનાબેન પટેલ તરફથી સે-૩/સી ખાતે શક્તિચોક મંદિરમાં તા.૯ ડીસેમ્બરના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે. સર્વે ભાવિ ભક્તોને ગરબામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.શાહ બબુબહેન સાંકળચંદ ઉ.વ.૮૬, સેકટર-૭
- સ્વ.મહંતો અશોક મદન ઉ.વ.૪૪, સઈઝ, કલોલ
- સ્વ.સુથાર અરવિંદભાઈ બુધાલાલ ઉ.વ.૫૧, ધણપ
- સ્વ.ભટ્ટ હંસાબેન મહીપતરામ ઉ.વ.૯૨, સેકટર-૨
- સ્વ.પરમાર શૈલેષભાઈ ગોવિંદભાઈ ઉ.વ. ૨૯, સેકટર-૨૫

● રૂદ્રભૂમિ ●

- સ્વ.શાહ ગોપીબેન ગૌતમભાઈ ઉ.વ.૫૫, અડાલજ